તારીખ : ૧-૪-૨૦૦૫થી નવી નિમણૂંક પામેલ કર્મચારીઓના તફાવતની રકમ રોકડમાં ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક: નપન-૧૦૨૦૦૯-ડી-૭૦-પી.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : **૨૫ જુન, ૨૦૧૦**

**વંચાણમાં લધો:**
(૧) **નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી. તારીખ : ૧૮-૩-૨૦૦૫**
(૨) **નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : વલભ-૧૧૯૮-૨૭૦-ચ, તારીખ : ૨૬-૭-૨૦૦૬**
(૩) **નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૮-ડી-૨૪૩-પી, તારીખ: ૨૨-૧-૨૦૦૯**
(૪) **નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પીજીઆર-૧૦૦૯-૫- પે.સેલ.(મ) તારીખ : ૧૩-૦૪-૨૦૦૯**
(૫) **નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : વલભ- ૧૦૨૦૦૭-૧૦૭૦-(૧)-ચ તારીખ : ૧૩-૧૦-૨૦૦૯**

**ઠ રા વ :**

વંચાણમાં લીધેલ ક્રમ (૧) ઉપરના નાણા વિભાગના તારીખ : ૧૮-૩-૨૦૦૫ના ઠરાવથી નવી વર્ધિત પેન્શન યોજના *(New Defined Contribution Pesion Sheme )* અમલમાં મૂકાયેલ છે. આ યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ અધિકારી / કર્મચારીઓ કે જેઓ નવી વર્ધિત પેન્શન યોજના *(NDCPS )*ના ખાતાઓ ધરાવે છે તેઓને મળવાપાત્ર પગાર ભથ્થાના તફાવતની રકમ જેવી કે, - ૫૦ ટકા મોંઘવારી ભથ્થાની મર્જરના તફાવતની રકમ, પગાર *(મૂળ પગાર + મોંઘવારી ભથ્થું)* માંથી ૧૦ ટકા કરતાં વધુ કપાત થયેલ હોય તેવી રકમ, છઠ્ઠા પગાર પંચ અન્વયે પગારમાં થતા વધારાના તફાવતની રકમ કે જે પાંચ વાર્ષિક હપ્તામાં ચૂકવણી કરવાનું નક્કી થયેલ છે, તથા મૃત્યુ પામેલ અધિકારી/ કર્મચારીઓના કિસ્સામાં જમા ફાળાની રકમ - તેઓના નવી વર્ધિત પેન્શન યોજના *(NDCPS )*ના ખાતાઓમાં જમા કરાવવાને બદલે રોકડમાં ચૂકવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નવી વર્ધિત પેન્શન યોજના (*NDCPS* )માં સમાવિષ્ટ અધિકારી / કર્મચારીઓ માટે ઉકત તફાવતની રકમ નીચેની શરતોને આધીન રોકડમાં ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**શરતો : -**

(૧) તારીખ ૧-૪-૨૦૦૫ બાદ નિયમિત નિમણૂંક પામેલ નવી વર્ધિત પેન્શન યોજના*(NDCPS )*માં સમાવિષ્ટ અધિકારી / કર્મચારીઓ કે જેઓ નવી વર્ધિત

*(પાછળ..)*

પેન્શન યોજના *(NDCPS)* ના ખાતાઓ ધરાવે છે. તેઓને આ ઠરાવની જોગવાઇઓ લાગુ પડશે.

(૨) નવી વર્ધિત પેન્શન યોજના *(NDCPS)* અંતર્ગત પગાર *(મૂળ પગાર + મોંઘવારી ભથ્થું)* માંથી ૧૦ ટકા કરતાં વધુ કપાયેલ રકમ જે તે કર્મચારીઓને રોકડમાં પરત ચૂકવવાની રહેશે. જે ઉપર કોઇ વ્યાજની ગણતરી કરવાની / ચૂકવવાની રહેતી નથી.

(3) છઠ્ઠા પગાર પંચના અમલના કારણે રોકડમાં ચૂકવવાની થતી તફાવતની રકમ વાર્ષિક પાંચ સરખા હપ્તામાં વખતો વખત નક્કી કર્યા મુજબ ચૂકવવાની રહેશે.

(૪) વંચાણમાં લીધેલ ક્રમ-૫ ઉપરના ઠરાવની જોગવાઇઓ મુજબ જેઓના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતા ન હોય તેઓને મોંઘવારી ભથ્થાની ચૂકવવાપાત્ર થતી તફાવતની રકમ રોકડમાં ચૂકવવાનું ઠરાવેલ છે. તે મુજબ છઠ્ઠા પગાર પંચ અન્વયે મળવાપાત્ર તફાવતની રકમ (સ્વર્ણિમ્ જયંતિ વર્ષ નિમિત્તે) પ્રથમ અને બીજો હપ્તો એક સાથે ચૂકવવાપાત્ર થાય છે.

(૫) વંચાણમાં લીધેલ ક્રમ-3 ઉપરના ઠરાવથી કરાયેલ જોગવાઇઓ મુજબ - નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત ફરજ બજાવતા અધિકારી / કર્મચારીઓના અવસાન બાદ તેઓના કિસ્સામાં તેઓના ખાતે જમા ફાળાની રકમ, તથા સરકારનો નિયમોનુસારનો ફાળો તે બન્ને ઉપર વાર્ષિક ૮(આઠ) ટકાના વ્યાજ સાથે મળવાપાત્ર તમામ રકમ એક જ હપ્તામાં તેઓના વારસદારોને તુરતજ ચૂકવી આપવાની રહેશે.

(૬) નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત ઉપર સૂચવ્યા મુજબની ચૂકવવાપાત્ર રકમ કે જે જી.એસ.એફ.એસ. *(ગુજરાત સ્ટેટ ફાઇનાન્સીયલ સર્વિસીસ, અમદાવાદ)* ખાતે જમા છે તે પરત મેળવી તેમાંથી ચૂકવણી કરવાની રહેશે.

(૭) જે કર્મચારી / અધિકારીઓના કિસ્સામાં ફાળાની રકમ નવી વર્ધિત પેન્શન યોજના *(NDCPS)* માં જમા કરાવેલ ન હોય તેવા કિસ્સામાં સંબંધિત ઉપાડ અધિકારીએ આ રકમ ઉપાડીને કર્મચારી / અધિકારીઓને ચૂકવવાની રહેશે.

(૮) ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે. અને ૫૦ પૈસા કરતાં ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

(૯) **આ ઠરાવ હેઠળ સંબંધિત અધિકારી / કર્મચારીઓને કરવામાં આવતું નાણાનું ચૂકવણું કોઇપણ સંજોગોમાં બેવડાય નહીં તે અંગેની ખાત્રી સંબંધિત અધિકારીએ કર્યા બાદ ચૂકવણું કરવાનું રહેશે.**

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શૈલજા પટેલ)
નાયબ સચિવ (પેન્શન)
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર. (Conti..)

c:/ my work-sevak-p.br.-nps.pmd

માન. મંત્રીશ્રીઓ / રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો / તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીઓના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મૂલ્કી સેવા-ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ / રાજકોટ
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
તમામ તિજોરી અધિકારીઓ, / તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર / નર્મદા / વડોદરા
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
તમામ બોર્ડ / કોર્પોરેશન / નિગમો.
નાણા વિભાગની તમામ શાખાઓ (નાણા શાખાઓ સહીત)
✓ સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગની વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ.
<u>પસંદગી ફાઇલ, - પી. શાખા</u>

- પત્ર દ્વારા.